ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૫ ટકા

# નવરાત્રીમાં ડબલ ઘેરના ચણિયાચોળીનું વિશેષ આકર્ષણ

## બહેનોમાં કચ્છી-જેકો વર્કની ચણીયાચોળી તો ખૈલેયાઓમાં સ્વામીનારાયણ પાઘડી હોટ ફેવરીટ : રૂ.૫૦૦ થી ૧૦ હજાર સુધી ભાડું ચુકવશે ખેલૈયાઓ

**નવરાત્રીમાં અત્યાર સુધી ઓકસોડાઈઝના વિવિધ આભુષણનો મહિલાઓમાં ક્રેઝ હતો. પરંતુ ઓકસોડાઈઝના આભુષણો વજનમાં ભારે આવતા હોવાથી મહિલાઓ હવે પેચ વર્ક અને જેકો વર્કના સેટ પસંદ કરે છે. જેથી ઓકસોડાઈઝના આભુષણોના વેચાણમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. મહિલાઓના આભુષણોમાં લોંગ સેટ, થ્રી લેયર સેટ, નથ મોટી, દામણી, ઝેકો મોતીના પેચીસ, ટીકો, મોતીના સેટ, હાથના બલૈયા, પગની પાયલ, મારવાડી ચુડો અને ચશ્માનો ટ્રેન્ડ વધુ છે. જયારે ભાઈઓમાં સ્વામીનારાયણ પાઘડી, હાંસળી, કડા, પૌંચા, વિવિધ પ્રકારની વીંટી, ભરવાડી બુટ્ટો સહિતના આભુષણો બજારમાં ઉપલબ્ધ છે. નવરાત્રીમાં આભુષણો પાછળ પણ હજ્જારો રૂપીયા ખૈલેયાઓ ખર્ચ કરે છે.**





ગાંધીનગર, તા.૪

નવરાત્રીના પાવન પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. નવરાત્રીમાં ગરબે ઘુમી માતાજીની આરાધના કરવા યુવાવર્ગ થનગની રહ્યો છે. અત્યારથી જ ખૈલેયા ભાઈ-બહેનોએ ગરબે ઘુમી ધુમ મચાવવા તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. નવરાત્રીમાં યુવાવર્ગમાં પણ ડ્રેસીસનું ખુબ મહત્વ રહેલું હોય છે. આ વર્ષે બહેનોમાં ડબલ ઘેરના ચણીયા (નવ મીટર ઘેરના)તેમજ નીયોન કલરની કચ્છી વર્ક તેમજ જેકો મોતી વર્કની ચણીયા ચોળી હોટ ફેવરીટ બની છે. જયારે આ વર્ષે નવરાત્રી ગરબા ગ્રાઉન્ડમાં એલઈડી લાઈટ વાળા ખૈલાયાઓ પણ ગરબે ઘુમતા નજરે પડશે.

ગાંધીનગર શહેરમાં નવરાત્રીના ટ્રેડીશનલ ડ્રેસ ભાડે આપવામાં મોખરાનું સ્થાન ધરાવનાર કાવ્યા ટ્રેડીશનલ ડ્રેસના સંચાલક કૃણાલ શાહ અને યોગેશ શાહના જણાવ્યા મુજબ દર વર્ષે નવરાત્રીમાં ટ્રેડીશનલ ડ્રેસમાં કંઈક નવીનતા આવે તે માટેની અમારી તૈયારીઓ હોય છે. નવરાત્રીમાં ફાઈનલમાં રમતા ખૈલેયાઓ માટે ૫૦ હજારની કિંમતનો ડ્રેસ તૈયાર કરાવ્યો છે. નવરાત્રીમાં ખૈલેયાઓ રૂ. ૫૦૦ થી ૧૦ હજાર સુધી ભાડુ ચુકવે છે. જયારે આ વર્ષે બહેનોના ટ્રેડીશનલ ડ્રેસમાં ડબલ ઘેરના ચણીયા ચોળી વિશેષ છે. જયારે ચણીયાચોળીમાં કચ્છીવર્ક, હેન્ડ વર્ક અને જેકો મોતી વર્કનું આગવું મહત્વ હોય છે. જયારે ભાઈઓમાં ફાઈવ પીસ જેમ કે કેડીયું, પછેડી, કોટી, ચોયણો, પાવડીનો સમાવેશ થાય છે. જયારે ખૈલેયાઓ સ્વામીનારાયણ પાઘડી - ચશ્મા સાથે વિવિધ ગરબા અને અવનવા તૈયાર કરાયેલા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમતા નજરે પડશે. એક જ કલરના અને સામ્યતા ધરાવતા કચ્છી વર્કથી ભરપુર કપલ ડ્રેસીસ પણ જોવા મળશે. જયારે એલઈડી લાઈટવાળી ચણીયાચોળી પહેરીને પણ ગરબે ઘુમતી બહેનો ગરબા ગ્રાઉન્ડમાં જોવા મળશે. નવરાત્રી તૈયારીમાં ગરબા કલાસીસમાં પસીનો પાડતા ખૈલેયાઓ ગરબે ઘુમવા ટ્રેડીશનલ ડ્રેસ પાછળ હજ્જારો રૂપીયા ખર્ચ કરે છે. હાલ તો શહેરમાં નવરાત્રીને અનુલક્ષી તડામાર તૈયારીઓ આયોજકોએ પણ આરંભી દીધી છે.

## સે-૩ ન્યુ ખાતે લોકડાયરો યોજાશે

ગાંધીનગર, તા.૪

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા આયોજીત અને જિલ્લા રમત-ગમત અધિકારી ગાંધીનગર દ્વારા સંચાલિત ડાયરો ગાંધીનગર જિલ્લા કક્ષાનો પરંપરાગત પ્રચારના માધ્યમોનો સાંસ્કૃતિક કાર્યક્રમ લોક ડાયરો-૨૦૧૮ તા. ૬-૧૦-૧૮ ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે હોળી ચોક ખાતે યોજાશે. આ ડાયરામાં મુખ્ય મહેમાન તરીકે સ્ટે.કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ, કોર્પોરેટર નરેશભાઈ પરમાર, કોર્પોરેટર પ્રવિણાબેન વોરા અને ડો. મહિપતસિંહ પરમાર હાજર રહેશે. આ ડાયરાની મોજ માણવા સૌ નગરજનોને પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## હેન્ડબોલની ભારતીય ટીમમાં ગાંધીનગર સાઈના ત્રણ ખેલાડીઓ

ગાંધીનગરમાં યુવાનોમાં સ્પોર્ટસ પ્રત્યે લગાવ વધતો જઈ રહ્યો છે અને આ સાથે શહેરમાં સ્થિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનું નેતાજી વેસ્ટર્ન ટ્રેનિંગ સેન્ટર વિવિધ રમતોની તાલીમ માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે. સાઈના ટ્રેનિંગ સેન્ટરના હેન્ડબોલ રમતના ૩ યુવા ખેલાડીઓ સુમિત, દિનેશ અને શુભમ તાજેતરમાં જોર્ડન ખાતે યોજાયેલ ૮મી યુથ એશિયન હેન્ડબોલ ચેમ્પિનયશીપમાં ભારતીય ટીમમાં પસંદગી પામ્યા હતા. આ ત્રણેય ખેલાડીઓને ગાંધીનગર સાઈ ખાતે હેન્ડબૉલ કોચ શશિમોહન ધુમાલ દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે.



## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગરબા સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૪

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ૧૨મી ઓકટોબરના રોજ સે-૧૬ બ્રહ્મભવન ખાતે બપોરે ૨ થી ૫ના સમયગાળા દરમિયાન વય જૂથ મુજબ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રમુખ ચંદ્રીકાબેન રાવલના જણાવ્યા મુજબ જે ઉમેદવારને ભાગ લેવો હોય તેમણે ૯૪૨૮૬ ૧૪૪૮૨, ૯૪૨૬૩ ૫૬૦૧૭, ૯૪૦૮૦ ૫૭૯૬૮, ૯૭૨૩૯ ૮૫૫૩૮ દ્વારા સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે.

## રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ દ્વારા કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા.૪

રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ દ્વારા દેશમાં બિહાર રાજયની બહાર ગુજરાતમાં બિહારના યુવાનોને ઉદ્યમી-સાહસિક બનાવવા માટે ભાટ ગામે ઈડીઆઈ ખાતે કાર્યશાળા યોજાઈ હતી. જેમાં ૬૦૦ યુવાનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બિહાર સરકારના યોજના આયોગના અધ્યક્ષ સંજયકુમાર ઝાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં વસતા બિહારના યુવાનોમાં સાહસિકતા અને હુન્નર બંને છે ગુજરાતમાં વસતા બિહારના યુવાનો આગળ આવી ગુજરાતમાં ઔદ્યોગિક ક્રાંતિ લાવવા નાના મોટા ઉદ્યોગો સ્થાપી સાહસિકતા બતાવે અને રોજગાર ક્ષેત્રે આગળ વધે એવો તેમણે અનુરોધ કર્યો હતો.




ગુજરાત રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમના ઝોનલ અધિકારી પી.કે. ઝાએ નિગમની કામગીરી વિષે જાણકારી આપી હતી. મુખ્ય સચિવ એમ.કે. દાસે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ગૃહસચિવ બ્રિજેશ ઝા, મોહન ઝા (આઈપીએસ) સંદિપ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન સંદિપ ઝાએ પણ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો.

## નેહરુ યુવા કેન્દ્ર દ્વારા મહાત્મા ગાંધીની જન્મજયંતિની ભાવપૂર્ણ ઉજવણી

ગાંધીનગર, તા.૪

નેહરુ યુવા કેન્દ્ર દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિધાનસભા સંકુલમાં ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજિલ, ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન, યુવારેલી, નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધાઓ તેમજ સંવાદ વગેરેનું સવારે ૯ કલાકે આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ યુવાઓ જોડાયા હતા નહેરુ યુવા કેન્દ્રના સંયોજક રજનીકાંત સુથાર, નિર્ણાયક અનિલકુમાર કૌશિક, નિવૃત્ત સનદિ અધિકારી પંકજ ઠાકર, ઠાકોર-કોળી વિકાસ નિગમના એમ.ડી. જશવંત ગાંધી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

યુથ હોસ્ટેલ સે-૧૬ ખાતે પણ સ્વચ્છતા અભિયાનના શપથ ગ્રહણ કરી ૧૦૦ જેટલા યુવાનોએ પ્લાસ્ટીક તેમજ સ્વચ્છતા સંબંધી કાર્ય કર્યું હતું. નહેરુ યુવા કેન્દ્રના નિયામક અનિલકુમાર કૌશિકે ગાંધી મૂલ્યોનું જતન કરવાના સૌને શપથ લેવડાવ્યા હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ૧૫૦મી ગાંધી જયંતીની ઉજવણી સંપન્ન

ગાંધીનગર, તા.૪

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ગૌરવભેર ઉજવણી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે કરવામાં આવી હતી. જેમાં સવારે પ્રભાતફેરી યુનિવર્સિટીથી નીકળી પ્રાથમિક શાળા સે-૨૧થી છ-૫ રોડ થઈ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરત ફરી હતી.

દીપ પ્રાગટય બાદ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો ત્યાર પછી ગાંધીજીની વિચારધારા અને મૂલ્યોની અભિવ્યકિત કરતાં ગીતો અને ભજનોની રજૂઆત ચિલ્ડ્રન્સ યુનિ.ના માધ્યમિક શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. યુનિ.ના કુલપતિ પ્રો. કે.એસ. લિખિયાસાહેબે ગાંધીજીએ દર્શાવેલા સામાજિક દૂષણોની વિગતો આપી હતી. તથા ગાંધીજીએ સૂચવેલા ૧૧ મહાવ્રતોથી સૌને અવગત કરાવ્યા હતા. આજની યુવા પેઢી ગાંધીજીની વિચારધારાને અનુસરે તે માટે 'ગાંધી અધ્યયન કેન્દ્ર'નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ સમયે ઓનલાઈન ગાંધી કવીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા સામૂહિક સફાઈનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મા. કુલપતિશ્રી, મા. કુલસચિવશ્રી, અધ્યાપકશ્રીઓ, સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ જોડાયા હતા સમગ્ર કાર્યક્રમનું સંયોજન ડૉ. મિનલબા જાડેજાએ કર્યું હતું.

## સમર્પણ કોલેજની બે દિકરીઓને ગોલ્ડમેડલ



ગાંધીનગરના સે-૨૮ સ્થિત સમર્પણ આર્ટસ કોલેજની બે વિદ્યાર્થીનીઓ શૈલજા પટેલ અને યશ્વી ગેલાણીએ ગુજરાત યુનિવર્સિટીમાં યોજાયેલ ઈન્ટર કોલેજ રાયફલ શુટિંગ અને પિસ્ટલ શુટિંગ સ્પર્ધામાં બંનેએ ગોલ્ડ મેડલ્સ હાંસલ કરી શહેર તથા કોલેજનું ગૌરવ વધાર્યું છે.

## દિલ્હી પબ્લિક સ્કૂલ-ગાંધીનગરનો ખેલ મહાકુંભ બાસ્કેટબોલમાં દબદબો



ગાંધીનગર, તા.૪

દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરે વિભિન્ન પાંચ બાસ્કેટબોલની ટીમના શાનદાર પ્રદર્શનથી ખેલ મહાકુંભમાં કુલ ૧,૨૫,૦૦૦ રૂપિયાના પારિતોષિક જીતીને શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે. અનુક્રમે અન્ડર-૧૪ બોયઝમાં દ્વિતીય સ્થાન, અન્ડર-૧૪ ગર્લ્સમાં પ્રથમ સ્થાન અને અંડર-૧૭ ગર્લ્સમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

ઉપરાંત દિલ્હી પબ્લિક સ્કૂલ સ્પોર્ટસ એકેડમીના વિદ્યાર્થીઓએ મેન્સ ઓપનમાં પીડીપીયુ કોલેજના વિદ્યાર્થીઓને હરાવીને તૃતીય સ્થાન હાંસલ કર્યું હતું તો વળી ગર્લ્સ ઓપન કેટેગરીમાં ડીપીએસ ગાંધીનગરની વિદ્યાર્થીનીઓએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

શાળાના આચાર્ય શ્રી અતનુ રથે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પેથાપુર ચોકડી પાસેથી પુરાવા વગરના મોબાઈલ વેચતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૪

નડીયાદ ખાતેથી આધાર પુરાવા વગર બે મોબાઈલ લાવી વેચવા ફરતા એક ઈસમને આજે પેથાપુર ચોકડી ખાતેથી ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના યજવેન્દ્રસિંહ, જયપાલસિંહ અને ધીરેન્દ્રસિંહની ટીમ પેટ્રોલિંગમાં પેથાપુર તરફ હતા જયાં ખાનગી બાતમી મળી હતી કે કોઈ શખ્સ ઝાલાભાઈ ગણેશભાઈ મારવાડી (રહે. પેથાપુર) બે સેમસંગ કંપનીના મોબાઈલ વેચવાની ફિરાકમાં છે. જે હકીકતના આધારે પેથાપુર ચોકડી પાસેથી કિં. રૂ. ૧૨૦૦૦ના મોબાઈલ સાથે ઝડપી પાડયો હતો. પોલીસે તેની પાસેથી મુદ્દામાલ કબજે કરી તેની વિરુધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## ગાંધીનગર તાલુકા ઠાકોર સેના દ્વારા ઘ-૪ના સર્કલે કેન્ડલ માર્ચ યોજાઈ

### આરોપીને કડકમાં કડક સજા થાય તેવી માંગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર તાલુકાના શ્રક્ષિય ઠાકોર સેના દ્વારા હિંમતનગરના ઢંઢર ગામે પરપ્રાંતિય ઈસમ દ્વારા ૧૪ માસની બાળકી પર દુષ્કર્મ આચરતા પિડિત દિકરી જલ્દી સ્વસ્થ બને અને આરોપીને જલ્દીથી કડકમાં કડક સજા થાય તે માટે ઠાકોર સેનાએ ઘ-૪ના સર્કલે કેન્ડલ માર્ચનું આયોજન કર્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાના સેનાના પ્રમુખ ગોવિંદજી ઠાકોર તથા હોદ્દેદારો હાજર રહ્યા હતા.




આ ઉપરાંત તાલુકા મહિલા ઠાકોર સેના દ્વારા અડાલજ ગામે પણ કેન્ડલ માર્ચનું આયોજન કરાયું હતું. જેમાં હીનાબેન સોલંકી, રક્ષાબેન ઠાકોર, પુનમબેન ઠાકોર, ગીતાબેન ઠાકોર સહિત મોટી સંખ્યામાં બહેનો હાજર રહ્યા હતા.

## આજે ઈન્ફોસિટીમાં ટેક મહિન્દ્રા કંપની ખાતે રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા શહેરની જાણીતી આઈટી કંપની ટેક મહિન્દ્રા લિ.માં રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો તા. ૫મી ઓકટોબર શુક્રવારે સવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન ગાંધીનગરની ઈન્ફોસિટીમાં આઈ.ટી. ટાવર-૪ ખાતે યોજાશે. આ ભરતીમેળો કંપનીમાં કસ્ટમરકેર એકિઝકયુટિવના પદ માટે યોજાશે જેમાં ગાંધીનગર જિલ્લાના ધોરણ-૧૨ પાસ અને ગ્રેજયુએટ થયેલા યુવક યુવતીઓ ભાગ લઈ શકશે જે માટે મોટી સંખ્યામાં ઉમેદવારોએ ભાગ લેવા જિલ્લા રોજગાર વિનિમય કચેરીના રોજગાર અધિકારી (જનરલ)એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ફરતા વય જૂથ ગરબા સ્પર્ધા

ગાંધીનગર, તા.૪

જયોતિ મહિલા મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવના પર્વ નિમિત્તે 'ફરતા વય જૂથ ગરબા સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૧૦મી ઓકટબરના રોજ ખીમજી વિસરામ હોલ સે-૨૩ કડી કેમ્પસ ખાતે બપોરે ૧૨.૩૦ કલાકે યોજવામાં આવેલ છે.

પ્રમુખ ડૉ. ચેતના બુચના જણાવ્યા પ્રમાણે ૫ વર્ષની બાળાથી લઈને ૮૦ વર્ષની ઉંમરની બહેનોએ વય જુથ મુજબ પાસ ૭મી ઓકટોબર સુધી મેળવી લેવા. પાસ મેળવવા માટે નીરૂબેન નાયક-૨૩૨૨૬૫૪૬, કોકિલાબેન નાયક, ૨૩૨૨૮૧૧૩, હર્ષાબા ધાધલ-૯૮૨૫૪ ૯૪૩૯૭, મીનાબેન શાહ-૨૩૨૪૮૨૩૭, જયોતિ ઠકકર-૯૮૨૫૬ ૮૦૯૦૮નો સંપર્ક કરવાનો રહેશે.

## આર.સી. પટેલ સ્કૂલમાં અભ્યાસેતર પરીક્ષાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ સ્કૂલ દ્વારા અભ્યાસેતર પરીક્ષાઓ યોજવામાં આવી હતી. જેમાં શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા સંસ્કૃતની મધ્યમા તેમજ ભૂષણ પરીક્ષા યોજાઈ હતી. આશરે ૧૦૦ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. તેમજ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા દ્વારા ગાયત્રી પરીવારની પરીક્ષા પણ યોજાઈ હતી. જેમાં પણ ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ વર્ધા આયોજિત રાષ્ટ્રભાષા પ્રવેશ પરીક્ષા હિન્દીની યોજાઈ હતી જેમાં પણ ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ સમગ્ર પરીક્ષાનું આયોજન અને માર્ગદર્શન સંસ્કૃત વિષયના શિક્ષિકા દેવયાનીબેન શુકલ અને હિન્દી વિષયના શિક્ષક મુકેશભાઈ પટેલે કર્યું હતું.

## કલોલ તાલુકાના જાસપુર ગામે મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે લોકસંગીત કાર્યક્રમ યોજાયો

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા પ્રેરીત તથા જિલ્લા રમત ગમત દ્વારા મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે નવરાત્રી ચોક, જાસપુર, કલોલ મુકામે એન.સી. ચૌહાણ મ્યુઝીકલ ગૃપ દ્વારા લોકસંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કલાકારો એન.સી. ચૌહાણ, લતાબેન ગોહિલ, નગીન બારોટ, ભરત ઠાકોર, કમલેશ સોલંકીએ ઉપસ્થિત ગ્રામજનોને ખુબ મોજ કરાવી હતી.

## ચિરવિદાય

- સ્વ. તુષારભાઈ હિરાલાલ તંબોધી, ઉ.વ. ૭૫
- સ્વ. ચીમનભાઈ મોહનભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૨
- સ્વ. ભારતીબેન મનહરલાલ શાહ, ઉ.વ. ૭૨